Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 21

No. of Printed Pages – 7

**S–73–Gujarati (T.L.)**

# माध्यमिक परीक्षा, 2022
# SECONDARY EXAMINATION, 2022
# ગુજરાતી
# GUJARATI
## (THIRD LANGUAGE)

**समय** : 2 **घण्टे** 45 **मिनिट**

**पूर्णांक** : 80

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ:**

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પશ્ન કરવા ફરજિયાત છે.

3) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આન્તરીક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

Tear Here

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

यहाँ से काटिए

## વિભાગ - અ (A)

1) **નીચેના બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નના ઉત્તર સાચો વિકલ્પ પસંદ કરી લખો.**

1) શાના વિના ભક્તિ ન થઈ શકે? **[1]**

(A) ગુરૂ વિના (B) શિક્ષક વિના

(C) જ્ઞાન વિના (D) ધન વિના

2) કવિને ફૂલોનું મુખડું કેવું લાગે છે? **[1]**

(A) સલુણું અને વ્હાલું (B) ખરાબ

(C) સારું (D) રંગીલું

3) બાદશાહે બાળક માટે શું લાવવાનો આદેશ કર્યો હતો? **[1]**

(A) પાણી (B) દહીં

(C) દૂધ (D) કોફી

4) લેખિકા કિરણ બેદી કઈ રમતના ખેલાડી હતા? **[1]**

(A) હોકી (B) ટેનિસ

(C) બેડમિન્ટન (D) વૉલીબોલ

5) નીચેનામાંથી સાચી જોડણી કઈ છે? **[1]**

(A) અતિથિ (B) અતીથિ

(C) અતીથી (D) અતિથી

6) 'અગ્નિ' નો પર્યાયવાચી શબ્દ થાય. **[1]**

(A) આગ (B) તોખાર

(C) પાણી (D) અનુચર

7) 'માનવતા' નો વિરોધી શબ્દ થાય. [1]

(A) પશુતા (B) માનવી

(C) અયોગ્ય (D) દુર્જન

8) ભલો માણસ આગળ આવ્યો. વાક્યમાં સંજ્ઞા છે. [1]

(A) ભલો (B) આગળ

(C) આવ્યો (D) માણસ

9) 'રામનો કાળો રંગ હતો'. વાક્યમાં વિશેષણ થાય. [1]

(A) રામ (B) રંગ

(C) કાળો (D) હતો.

10) ''રજત કેમ મોડ્યો આવ્યો?'' વાક્ય કયા પ્રકારનું છે. [1]

(A) પ્રશ્નાર્થવાક્ય (B) પૂર્ણવાક્ય

(C) ઉદ્‌ગારવાક્ય (D) અર્ધવાક્ય

11) 'અત્યંત' શબ્દની સંધિ વિચ્છેદ થાય. [1]

(A) અતિ + અંત (B) અતી + અંત

(C) અત + અંત (D) અતિ + ત

12) 'ન+આસ્તિક' શબ્દની સંધિ થાય. [1]

(A) નસ્તિક (B) નાઆસ્થિત

(C) નાસ્તિક (D) નાતિક

**2) નીચેના પ્રશ્નોમાં રિક્ત સ્થાનની પૂર્તિ કરો.**

1) એક મૂરખને એવી ટેવ _______ પૂજે દેવ [1]

2) સૂર્યને દરિયા કરતાયે વધારે _______જરૂર છે. [1]

3) તેની કળીઓ _______થતી હતી. [1]

4) સામે જ ખીણનું _______દેખાયું. [1]

5) 'યોગ્ય' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ _______થાય. [1]

6) સંજ્ઞા અને _______ની વિશેષતા બતાવનાર શબ્દને _______કહેવાય. [1]

**3) નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.**

1) અખાના મતે ભક્તિ માટે શેની જરૂર છે? [1]

2) કવિ કોની સાથે રમવા ઈચ્છે છે? [1]

3) નાનકડી અણસમજણથી શું થાય છે? [1]

4) સુર્ય ક્યારે ઊંઘી જાય છે? [1]

5) બિરબલ-બાદશાહનું પાત્ર કયા પાઠમાં આવે છે? [1]

6) રાજધર્મ તરીકે રાજા કઈ વાતનો સ્વીકાર કરે છે? [1]

7) રેતીમાં રહેલા ભેજને કયા નામે ઓળખવામાં આવે છે? [1]

8) 'આંખમાં ધૂળ નાખવી' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય? [1]

9) 'મહાદેવ'નું પાત્ર કયા પાઠમાં આવે છે? [1]

10) 'મોમા પાણી આવવું' રૂઢિપ્રયોગનો વાક્યમાં પ્રયોગ કરો. [1]

11) 'દશબાર' શબ્દનો સમાસ વિગ્રહ કરો. [1]

12) 'ત્રિકોણ' શબ્દનો સમાસ ઓળખાવો. [1]

## <u>વિભાગ - બ (B)</u>

**નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

**4)** બિરબલ બાદશાહને શું કહેતો રહેતો હતો? **[2]**

**5)** તાંબા પતરા પરના લખાણમાં શું જણાવેલું હતું? **[2]**

**6)** ડૉ. કિરણ બેદીએ કઈ પ્રતિજ્ઞા લીધી હતી? **[2]**

**7)** અત્યંત ઓછા વરસાદમાં જેસલમેરમાં કયા કયા પાકો લેવાય છે? **[2]**

**8)** લેખકને ભણવામાં માટી શી રીતે મદદરૂપ બની? **[2]**

**9)** શા માટે મહાદેવના આસું આનંદમાં ફેરવાઈ ગયા હતા? **[2]**

**10)** કવિ કોને મૂરખ ગણાવે શે શા માટે? **[2]**

**11)** 'દામોદરદોશી' કાવ્યમાં ભગવાન માટે કયા કયા નામો વપરાયા છે? **[2]**

**12)** ફૂલોની વિશેષતા રજૂ કરતા કવિ શું કહે છે? **[2]**

**13)** વર્તમાન સમયમાં લોકોને શું માફક આવતું નથી? **[2]**

**14)** કવિએ સુર્યને ઠોઠ નિશાળિયો શા માટે કહ્યો છે? **[2]**

## વિભાગ - ક (C)

**15)** કવિએ ફૂલોને કરેલી વિનંતીનું તમારા શબ્દોમાં વર્ણન કરો. **[3]**

અથવા

તમારી આસપાસ રહેલા મંદિરમાંના ભગવાનની શોભાનું વર્ણન કરો?

**16)** ઈન્સ્પેક્ટર સાહેબનો કયો ગુણ તમને ગમ્યો? શા માટે? **[3]**

અથવા

લેખક ભગીરથ બ્રહ્મભટ્ટનો માટી પ્રેમ વર્ણવો.

**17)** વૃક્ષો બચાવવા માટેના તમારા વિચારો લખો. **[3]**

અથવા

તમને કયું ફૂલ ગમે છે? શા માટે? જણાવો.

**18) નીચે આપેલા પઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

'' આ બહુ જ વિશેષ તળાવ છે. લાખો વરસો પહેલાં કુદરતમાં જે ભારે ઊથલ-પાથલ થઈ એને કારણે તળાવની નીચે કાળી ચીકણી માટીનું, મુલતાની માટીનું કે જીપ્સમનું એક થર જામી ગયું હતું. આ થરને કારણે વરસાદનું પાણી ઝમીને રેગિસ્તાનમાં નીચે વહેતા ખારા પાણીમાં મળતું નથી. તે રેતીમાં ભેજની જેમ સુરક્ષિત રહે છે. આ ભેજને અમે નીતર્યું પાણી કહીએ છીએ''.

1) કુદરતમાં ભારે ઉથલ-પાથલ થવાથી તળાવમાં શું થયું? **[1]**

2) કયા કારણે વરસાદનું પાણી રેગિસ્તાનના ખારા પાણીમાં મળતું નથી? **[1]**

3) નીતર્યું પાણી કોને કહે છે? **[1]**

## વિભાગ - ડ (D)

**19) નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી તેની નીચે આપેલા ઉત્તર લખો.**

''વૃક્ષો અન્યોના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને બીજાને પણ મીઠાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો પણ વૃક્ષો જેવા જ હોય છે. સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુગંધ આપે છે. શેરડી જેમ વધારે પીલાય તેમ વધારે રસ આપે છે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ મારે છે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો ત્યાજતા નથી. તેઓ ગમે તેવી સ્થિતિમાં હોય, પરંતુ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહિ. જે બીજાના માટે જીવતો નથી, તેનું જીવન નિરર્થક છે. જેઓ સુષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.''

1) પરોપકારી મનુષ્યો કોના જેવા હોય છે? **[1]**

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે? **[1]**

3) ઉદાર મનુષ્યો કેવા હોય છે? **[1]**

4) કોનું જીવન નિરર્થક છે? **[1]**

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **[1]**

**20)** તમારી શાળામાં યોજાયેલ 'સ્વચ્છતા અભિયાન' નો અહેવાલ લખો. **[5]**

અથવા

તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ લખો.

**21) નીચે આપેલા વિષયમાંથી કોઈ એક વિષય પર નિબંધ લખો.** **[6]**

1) મારો પ્રિય તહેવાર

2) કોરોના મહામારી અને બચાવ

3) દીકરી ઘરની દીવડી

4) ઓન લાઈન શિક્ષણ

♦♦♦♦

DO NOT WRITE ANYTHING HERE